પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

**:: જાહેરનામું ::**

**-:: ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને – ૧૯૭૩ ની કલમ -૧૪૪ અન્વયેનું જાહેરનામું ::-**

ક્રમાંકઃ એસ.બી/ LEST- પરીક્ષા/ ૨૯ /૨૦૨૪

આગામી તા-૧૦/૦૨/૨૦૨૪ ના શનિવારના રોજ નવોદય વિધ્યાલય સમીતી દ્રારા laterl entry selection class IX અને XI 2024 ની પરીક્ષા સુરત શહેરના નીચે મુજબના પરીક્ષા કેન્દ્ર ખાતે લેવાનાર છે. જે પરીક્ષા સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્ર ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા તેમજ ધ્વનિ પ્રદૂષણ ઉપર પ્રતિબંધ.
(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.
(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.
(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

**તા.૧૦/૦૨/૨૦૨૪ ના રોજ નવોદય વિધ્યાલય સમીતી દ્રારા laterl entry selection class IX અને XI 2024 ની પરીક્ષા કેન્દ્રની વિગત દર્શાવતું પત્રક.**

| અ.નં. | પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ) | | |
|---|---|---|---|
| | સરથાણા પો.સ્ટે. | | |
| ૦૧ | જે.બી.ડાયમંડ સ્કુલ એન્ડ કાર્પ ઇમ્પેક્ષ વિધાસંકુલ કામરેજ રોડ લસકાણા, સુરત | | |

નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ-૦૧ કેન્દ્ર છે.

:: અપવાદ ::

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.
(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: <u>અમલવારીનો સમય</u> ::

<u>આ હુકમ ૧૦/૦૨/૨૦૨૪ ના રોજ કલાક ક.૦૦/૦૦ થી ક.૨૪/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.</u>

:: <u>શિક્ષા</u> ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: <u>જાહેર વિજ્ઞપ્તિ</u> ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :- ૦૯/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(વાંબાગ જામીર)
I/C પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) સયુંક્ત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક સુરત શહેર.
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ તથા ક્રાઇમ સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર. (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)